ફોર્મ રદ કરવાની જોગવાઈ કાયદામાં નથી, નિલેશ કુંભાણીને પૈસાની ઓફર કરાઈ હતી : શક્તિસિંહનો મોટો આક્ષેપ

સુરત, ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન થાય તે પહેલા જ કોંગ્રેસને સૌથી મોટો ઝટકો લાગ્યો છે. સુરત લોકસભા બેઠક પરના ઉમેદવાર નિલેશ કુંભાણી અને તેમના ડમી ઉમેદવાર સુરેશ પડસાળાનું ફોર્મ રદ કરાયું છે. જેને લઈને ગુજરાતમાં કોંગ્રેસ હવે ૨૩ બેઠકો પર જ ચૂંટણી લડશે. પ્રથમ વખત એવું બન્યું છે જ્યારે કોંગ્રેસના ઉમેદવાર સુરતથી ચૂંટણી નહી લડી શકે. ત્યારે આ અંગે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ પર સૌથી મોટો આક્ષેપ કર્યો છે. સુરત લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર નિલશ કુંભાણીની ઉમેદવાર રદ થવા અંગે શક્તિસિંહ ગોહિલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે ભાજપ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, 'નિલેશ કુંભાણીને પૈસાની ઓફર કરાઈ હતી. નિલેશ કુંભાણીએ તેના પર દબાણ હોવાની વાત મને કરી હતી. સામાજિક રીતે હેરાન કરાઈ રહ્યા હોવાની ફરિયાદ પણ તેમણે કરી હતી. કાયદાની જોગવાઈ મુજબ જો ઉમેદવારી પત્રમાં ટેકેદારની સહી ના હોય તો, ઉમેદવારી રદ થાય. ટેકેદાર ફોર્મ ભરાઈ ગયા બાદ કહે કે મારી સહી નથી તો ફોર્મ રદ ના થાય.'

શક્તિસિંહે ભૂતકાળનો દાખલો ટાંકિને કહ્યું હતું કે, '૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં સુરત પૂર્વમાં આવી જ સ્થિતિ સર્જાઈ હતી. તે સમયે આપેલો નિર્ણય અને હાલમાં આપેલ નિર્ણય બન્ને અલગ અલગ છે. એક જ બાબતે બે અલગ અલગ ઉમેદવારો માટે અલગ અલગ નિર્ણય કેવી રીતે હોઈ શકે. ચૂંટણી પંચને વિનંતી કરું છું કે નિષ્પક્ષ ચૂંટણી કરાવો.'

શક્તિસિંહે કહ્યું હતું કે, 'ફોર્મમાં અને અરજીમાં કરાયેલ ટેકેદારની સહીને હ્લજીન્માં મોકલીને તેની સત્યતા ચકાસવી જોઈએ. બંનેમાં થયેલી સહી એક જ વ્યક્તિઓની છે કે કેમ તે પણ ચકાસવું જોઈએ. ભાજપના ડરાવવાથી ટેકેદારો ફરી ગયા છે. ફોર્મ રદ કરવાની જોગવાઈ કાયદામાં નથી. કોંગ્રેસની લીગલ ટીમ હાઈકોર્ટમાં જશે. ગુજરાત હાઈકોર્ટમાં ઈલેક્શન પિટિશન દાખલ કરશે. ઈલેક્શન પિટિશન કરવા ડ્રાફ્ટ તૈયાર કરાયો છે.' શક્તિસિંહે વધુમાં કહ્યું કે, 'ભાજપના ઉમેદવારોને જાકારો મળી રહ્યો છે. આયાતી ઉમેદવારોના કારણે ભાજપના કાર્યકરો નારાજ છે. ભાજપમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ઉમેદવારોને બદલવાની ભાજપને ફરજ પડી છે. ભાજપે લોકશાહીને કલંકિત કરી છે. સુરતમાં ભાજપને હારવાનો ડર હતો. યુવા ઉમેદવાર નિલેશ કુંભાણી જીતવાના હતા.'

સુરત બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે નિલેશ કુંભાણીએ ફોર્મ ભર્યું હતું. ત્યારબાદ ગઈકાલે (શનિવાર) ચૂંટણી વિભાગ દ્વારા ઉમેદવારી પત્રની ચકાસણી શરૂ કરાઈ હતી. ભાજપના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ નિલેશ કુંભાણીના ટેકેદારોની સહીને લઈને વાંધો ઉઠાવ્યો હતો. તેમણે ચૂંટણી અધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી કે નિલેશ કુંભાણીના ફોર્મમાં ત્રણેય ટેકેદારની સહી ખોટી છે, આ સાથે તેમના ડમી ઉમેદવારના ટેકેદારની સહીઓ પણ ખોટી છે. જોકે ત્યારબાદ ટેકેદારોએ પણ ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થઈને પોતાની સહી ખોટી હોવાનું સોગંદનામું કર્યું હતું. પછી તમામ ટેકેદારો ગાયબ થઈ ગયા હતા. જેને લઈને ચૂંટણી અધિકારીએ નિલેશ કુંભાણીને ફોર્મ રદ કરવું કે નહી તે અંગે શો-કોઝ નોટિસ પાઠવી હતી. ત્યારબાદ નિલેશ કુંભાણી અને તેના વકીલ ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થયા હતા. આ દરમિયાન કોંગ્રેસે વધુ એક દિવસનો સમય માંગ્યો હતો, જેથી ચૂંટણી અધિકારીએ આજે (રવિવાર) સુનાવણી કરી હતી. જે દરમિયાન ગાયબ થયેલા ચારેય ટેકેદારો હાજર ન થતા સુરત જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીએ નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કર્યું છે. બીજી તરફ આ નિર્ણયના વિરોધમાં કોંગ્રેસે હાઈકોર્ટમાં જવાની તૈયારી કરી છે. ભાજપના ડરાવવાથી ટેકેદારો ફરી ગયા છે. ફોર્મ રદ કરવાની જોગવાઈ કાયદામાં નથી. કોંગ્રેસની લીગલ ટીમ હાઈકોર્ટમાં જશે. ગુજરાત હાઈકોર્ટમાં ઈલેક્શન પિટિશન દાખલ કરશે. ઈલેક્શન પિટિશન કરવા ડ્રાફ્ટ તૈયાર કરાયો છે.' શક્તિસિંહે વધુમાં કહ્યું કે, 'ભાજપના ઉમેદવારોને જાકારો મળી રહ્યો છે. આયાતી ઉમેદવારોના કારણે ભાજપના કાર્યકરો નારાજ છે. ભાજપમાં આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. ઉમેદવારોને બદલવાની ભાજપને ફરજ પડી છે. ભાજપે લોકશાહીને કલંકિત કરી છે.

સુરતઃ આકરી ગરમીમાં લોકો વધુ મતદાન કરે તે માટેનો પ્રયાસ

સુરત

આગામી સાતમી મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થશે અને આ દિવસોમાં આકરી ગરમી રહેશે તે દરમિયાન પણ વધુમાં વધુ લોકો મતદાનની ફરજ નિભાવે તે માટે જાગૃતિ માટે વહિવટી તંત્ર દ્વારા પ્રયાસ કરી રહ્યાં છે. જેમાં સુરત શહેરના રસ્તા પર દોડતી ૬૦૦થી વધુ બસ પાછળ મતદાન જાગૃતિ માટેની જાહેરાત લગાવવામાં આવી રહી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ થકી વાલીઓને સંદેશો જાય તે માટે બાળ વિદ્યાર્થીઓએ પોસ્ટર બનાવી મતદાન જાગૃતિ નો સંદેશો આપવામાં આવી રહ્યો છે. સુરતમાં લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારના ઉમેદવારી પત્રકના કારણે હાલ હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલી રહ્યો છે તેની વચ્ચે વહીવટી તંત્ર દ્વારા લોકો વધુને વધુ સંખ્યામાં મતદાન કરે અને પવિત્ર ફરજ નિભાવે તે માટેનો પ્રયાસ કરવામા આવી રહ્યો છે. સુરત શહેરમાં પાલિકા દ્વારા સામુહિક પરિવહન સેવા માટે ૬૦૦થી વધુ સીટી અને બીઆરટીએસ બસ દોડાવવામાં આવી રહી છે. આ બસનો રોજ અઢીથી ત્રણ લાખ લોકો મુસાફરી કરે છે અને બસને લાખો લોકો રોજ જોઈ છે આ બસ

પાછળ મતદાન જાગૃતિ માટે જાહેરાત પ્રદર્શિત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત વિવિધ શાળાના અભ્યાસ કરતાં બાળકોમાં વિવિધ વિષયો સાથે મતદાન જાગૃતિ માટે પણ પોસ્ટર સ્પર્ધાનું આયોજન થઈ રહ્યું છે. તેમાં સિટી લાઈટ વિસ્તારની એક સંસ્થા દ્વારા ૪૫ બાળકો- વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ, વોટ ફોર બેટર ઈન્ડિયા, બેટી બચાવો, બેટી પઢાઓ, પ્રદૂષણ નિયંત્રણ માટે લોક જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી પોસ્ટર બનાવી સામાજિક સંદેશો આપ્યો હતો. ખાસ કરીને એકેડેમીના ૪ થી સોળ વર્ષની વયના બાળ વિદ્યાર્થીઓએ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને વધુમાં વધુ મતદાન થાય એવો સંદેશ આપતા આકર્ષક પોસ્ટર નું ચિત્રણ કર્યું હતું.આ સ્પર્ધા થકી વાલીઓમાં પણ મતદાન જાગૃતિ થાય તેવો પ્રયાસ કરવામા આવ્યો છે. ઉપરાંત મતદાતા જાગૃતિ માટે વરાછાની જે.બી.ધારુકાવાળા કોલેજ થી ચોપાટી- સીએનજી પમ્પ થઈ જે.બી.ધારુકાવાલા સુધીની 'વોકેથોનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સુરતમાં લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારના ઉમેદવારી પત્રકના કારણે હાલ હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલી રહ્યો છે તેની વચ્ચે વહીવટી તંત્ર દ્વારા લોકો વધુને વધુ સંખ્યામાં મતદાન કરે અને પવિત્ર ફરજ નિભાવે તે માટેનો પ્રયાસ કરવામા આવી રહ્યો છે.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત

બ્રાન્ચ ઓફિસ :૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા - ૩૮૪૦૦૨.

ખાનગી સંધિ દ્વારા સ્થાવર મિલકતની વેચાણ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૮) આર/ડબ્લ્યુ રૂલ ૯(૧) સાથે વંચાતા સિક્યોરિટાઇઝએશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ ખાનગી સંધિ દ્વારા સ્થાવર મિલકતોના વેચાણ ની નોટીસ.

આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ (આઈસીઆઈસીઆઈ એચએફસી)એ નીચે જણાવેલ ગિરો મિલ્કતોના વેચાણની ઈ- હરાજી માટેના પ્રયાસ હાથ ધર્યા હતા. જો કે તમામ ઈ-ઓક્શન નિષ્ફળ ગયા હતા. હવે રસ ધરાવનાર ખરીદદારોએ ખરીદવાની ઑફર સાથે આઈસીઆઈસીઆઈ એચએફસી નો સંપર્ક કર્યો છે. આ જણાવેલ મિલકતની ખરીદીની દરખાસ્ત કરનાર આ મિલકત ની કીંમત રૂા. ૪૮,૦૦,૦૦૦ લાખની નોટિસ કરજદાર, જામીનદાર અને જાહેર જનતા ને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ગિરો/હસ્તક સલામત લેણદાર, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાંસ કંપની લી.ના અધિકૃત અધિકારી એ **ભૌતિક કબ્જો** લઈ લીધો છે. "જેનું જ્યાં છે, "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ/	કઈ પણ બોઝો જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત	બકાયા રકમ	આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	બળદેવ ગંગારામ પ્રજાપતિ (કરજદાર), બબીતાબેન બી પ્રજાપતિ(જામીનદાર) લોન એ/સી નં. NHMEH00001267449	હાઉસ જે નો પ્લોટ નં. ૩૩ ઓફ સુરક્ષા કો. ઑપ. હાઉસિંગ સોસાયટી, જે સર્વે નં. ૨૮૫૭, સિટી સર્વે નં. ૭૬૬/એ/૧ ઓફ વિસનગર સીમ, તાલ. વિસનગર અને ડિસ્ટ. મહેસાણા માં સ્થિત છે	રૂા. ૪૧,૯૨,૩૬૭/- ૨૩ એપ્રિલ, ૨૦૨૪	રૂા. ૪૮,૦૦,૦૦૦/- / રૂા. ૪,૮૦,૦૦૦/-	૦૬ મે, ૨૦૨૪ સવારે -૧૧.૦૦ વાગે થી બપોરે ૦૩.૦૦ સુધી	૧૫મે, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ ક્લાક થી બપોરના ૦૩.૦૦ ક્લાક.

આ ઓનલાઈન હરાજી વેબસાઇટ (URL Link - -https://BestAuctionDeal.com) પર અમારી ઑક્શન એજન્સી ગ્લોબ ટેક દ્વારા હાથ ધરવામાં આવશે. સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ (ડીડી) (રેફર કોલમ ઈ માં)આપેલ રકમ સબમિટ કરવું પડશે જે **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા - ૩૮૪૦૦૨** ખાતે અથવા **૧૪ મે, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૦૦** વાગ્યે . કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ,૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે, મહેસાણા - ૩૮૪૦૦૨** પર ૧૪ મે, ૨૦૨૪ના રોજ **સાંજ ૦૫.૦૦ ક્લાક તે** પહેલા સબમિટ કરી શકાય છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ ઑક્શન તરફેણનો મહેસાણા** ખાતે નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.

સામાન્ય જનતાને જણાવાનું કે ઉપર જણાવેલ રકમ કરતા રસ ધરાવનાર વ્યક્તિની રકમ કરતા ખરીદદારે વધારે રકમની બીડ ની દરખાસ્ત કરવી. આથી અહી માહિતી આપવામાં આવે છે કે રસ ધરાવનાર ખરીદનારાઓ પૈકી જેમની વધારે રકમની દરખાસ્ત આઈસીઆઈસીઆઈ એચએફસીને મળશે, ગિરો મિલકત સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ ૨૦૦૨ના નિયમ, ૮ (૮) આર.ડબ્લ્યુ નિયમ ૯(૧) હેઠળ વેચી દેવામાં આવશે.

કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડના નંબર ૦૨૨ ૬૯૯ ૭૪૩૦૦** અથવા સેલ્સ એન્ડ માર્કેટિંગ પાર્ટનર **નેક્સઝેન સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ** પર સંપર્ક કરવો.

સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઇટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

તારીખ: ૨૫ એપ્રિલ, ૨૦૨૪
સ્થળ : મહેસાણા.

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

વડોદરાની સંસ્થાએ પાંજરાપોળની ગાયોને કેરીના રસ બાદ ૨૦૦૦ કિલો તરબૂચનુ ભોજન કરાવ્યુ

વડોદરા, વડોદરાની સંસ્થાએ ગાયોને ધોમધખતી ગરમીમાં ૨૦૦૦ કિલો તરબૂચનુ ભોજન કરાવ્યુ છે.

આ પહેલા તાજેતરમાં વડોદરાની સંસ્થા શ્રવણ સેવા ફાઉન્ડેશને ગાયોને ૫૦૦ કિલો કેરીનો રસ પણ ખવડાવ્યો હતો. ફાઉન્ડર નિરવભાઈ ઠક્કરનુ કહેવુ છે કે, અમે ત્રણ વર્ષથી નિઃસહાય વૃદ્ધોને ભોજનસેવા પુરી પાડી રહ્યા છીએ. સાથે જ હવે પશુસેવા માટેનુ અભિયાન શરુ કર્યુ છે. જેના ભાગરુપે પાંજરાપોળમાં રહેતી અને અગાઉ ત્યજી દેવાયેલી કે કતલખાને લઈ જતા બચાવાયેલી અને બીમાર ગાયોને આજે તરબૂચનુ ભોજન કરાવવાનુ નક્કી કરાયુ હતુ.અમારી સાથે રોનકભાઈ અને અંકિતાબેન પરમાર પણ જોડાયા હતા. તેમનુ કહેવુ છે કે, ગાયોને ૨૦૦૦ કિલો તરબૂચ ટુકડા કરીને તેમને ભોજન કરાવવા માટેની ક્યારીમાં પીરસવામાં આવ્યુ હતુ. તરબૂચના કટકા કરવા માટે સેંકડો સ્વયંસેવકો કામે લાગ્યા હતા.

દેશની પહેલી લોકસભા ચૂંટણીમાં મત આપનાર ૧૦૧ વર્ષની આ વ્યક્તિ ૭મીએ ગુજરાતમાં કરશે મતદાન

વડોદરા,

વડોદરાની લોકસભા બેઠક તેમજ વાઘોડિયા વિધાનસભા બેઠક પર પ્રથમવાર મતદાન કરનાર યુવાઓની સાથે અન્ય તમામ મતદાતાઓ ઉપરાંત શતાયુ મતદારો પણ ચૂંટણીમાં મતદાન કરવા માટે ઉત્સાહિત છે.

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના કારવણ ગામના ૧૦૧ વર્ષના મતદાર કેસુરભાઈ પ્રભુદાસ પટેલે યુવાનોને મતદાન માટેની ખાસ અપીલ કરતા કહ્યું કે, આપણે સરપંચ, ધારાસભ્ય, સાંસદ કે સરકારે શું કરવું જોઈએ? તેની સરળતાથી શીખ આપી દઈએ છીએ. પણ મત આપવાનો વારો આવે ત્યારે ઉદાસીનતા દાખવીએ છીએ, તો પછી આપણને બોલવાનો અધિકાર નથી.

૧૯૫૧માં પહેલી લોકસભાથી મતદાન કરતા શતાયુ મતદાર કેસુરભાઈ પટેલે સ્વતંત્રતા બાદ યોજાયેલી ભારતની પ્રથમ ચૂંટણીથી લઈને અત્યાર સુધી યોજાયેલી તમામ ચૂંટણીમાં મતદાન કરતા આવ્યા છે. આ વખતે પણ તેઓ સાતમી તારીખે મતદાન કરવા જશે. તેઓ મતને અમૂલ્ય દાન પણ માની રહ્યા છે. જેથી આજનો યુવા મતદાર બંધારણે આપેલી પવિત્ર ફરજ અને અધિકારને દાનના રૂપમાં સ્વીકારીને પણ સાતમી તારીખે મતદાન કરવા માટે પહોંચી જાય તેવી વિનંતી પણ કરી છે.

વડોદરા જિલ્લાના શતાયુ મતદારો યુવા મતદારોની મતદાન પ્રત્યેની ઉદાસીનતાને ખૂબ જ ગંભીર ગણાવે છે, મહત્વનું છે કે, સમગ્ર વડોદરા જિલ્લામાં કુલ ૮૧૧ શતાયુ મતદાર છે, જેમાંથી ૬૨૬ શતાયુ મતદારો આગામી તા.૭ મેના રોજ વડોદરા લોકસભા બેઠક માટે મતદાન કરી અન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ બનશે.

પાદરા અને ડભોઈ વિધાનસભા મતવિભાગનો સમાવેશ છોટાઉદેપુર લોકસભામાં અને કરજણ વિધાનસભા મતવિભાગનો સમાવેશ ભરૂચ લોકસભામાં થાય છે, એટલે કે વડોદરા જિલ્લાના ૧૮૫ શતાયુ મતદારો અન્ય લોકસભા બેઠક માટે મતદાન કરશે.

ભાજપ વિરુદ્ધ ૧૦૦% કચકચાવીને મતદાન કરાવીશું, રૂપાલા વિવાદમાં ક્ષત્રિયોનો નવો સંકલ્પ

અમદાવાદ,

ક્ષત્રિયોનું આંદોલન પાંચ દિવસ પહેલા તા. ૧૬ના વિશાળ ક્ષત્રિય સંમેલન વખતે રૂપાલાથી આગળ વધીને ભાજપ તરફ વળ્યું છે અને રૂપાલાને નહી બદલાવાતા આંદોલન જારી રાખવાનો નિર્ણય પણ અગાઉ લેવાયો હતો ત્યારે હવે આ આંદોલન કઈ રીતે આગળ વધારવું તેની આજે રાજકોટમાં રણનીતિ ઘડવામાં આવી હતી. જે મૂજબ ભાજપ વિરૂધ્ધ કચકચાવીને મતદાન કરાવવા નિર્ણય લેવાયો છે.

ક્ષત્રિય સંકલન સમિતિના પી.ટી.જાડેજાએ આ અંગે જણાવ્યું કે ક્ષત્રિયો ૧૦૦ ટકા મતદાન કરે તે માટે અમે પૂરી તાકાત લગાવી દેશું. મતદાનનો બહિષ્કાર કરવાનો કોઈએ વિચાર પણ કરવાનો નથી તેવો સ્પષ્ટ નિર્ણય લેવાયો છે અને આ ઉપરાંત 'નોટા' કે અપક્ષોને મત પણ આપવાનો નથી. આથી જ કોઈ ક્ષત્રિય આગેવાને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી નથી. પરંતુ,અમારી લાગણીને નહીં સમજનાર ભાજપની વિરૂધ્ધ મહત્તમ મતદાન કરાવીશું. ભાજપની નજીકના પ્રતિસ્પર્ધીની તરફેણમાં મતો આપવા અને અન્ય સમાજના અપાવવા અમે પ્રયાસ કરીશું.

આનો સૂર એ પણ નીકળે છે કે ક્ષત્રિયો કોંગ્રેસની તરફેણમાં મતદાન કરાવશે, કારણ કે ભાજપના મુખ્ય પ્રતિસ્પર્ધી આ ચૂંટણીમાં કોંગ્રેસ છે. આ વખતે આમ આદમી પાર્ટી પણ કોંગ્રેસ સાથે છે.

ક્ષત્રિયોનું આ આંદોલન ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર થશે જે માટે રાજકોટમાં રણનીતિ ઘડવામાં આવી હતી.

આ માટે રાજકોટના તમામ ૧૮ વોર્ડ દીઠ સમિતિઓની રચના કરવામાં આવી છે જેમાં દરેક વોર્ડમાં એક પ્રમુખ સહિત ૧૧ની ટીમ રહેશે. આવી જ ટીમો તાલુકા દીઠ તૈયાર થઈ રહી છે.

આ ટીમો ક્ષત્રિયો સહિતના સમાજને મતદાન મથક સુધી પહોંચાડવા ઘરે ઘરે, લત્તે લત્તે જનજાગૃતિની ઝુંબેશ ઉપાડશે. પ્રચાર-પ્રસાર કરીશું.

ખોડિયાર નગર વિસ્તારમાં દારૂ વેચતા કાકી ભત્રીજાના ઘરે રેડ

અમદાવાદ,

રાવપુરા પોલીસ સ્ટેશનની બહાર રોડ પર દારૂના નશામાં લથડિયા ખાતા આરોપીને પોલીસે ઝડપી પાડી ગુનો દાખલ કર્યો છે. જે આરોપીના કારણે અગાઉ રાવપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફ સામે ગુનો દાખલ થયો હતો. જ્યારેપીસીબીએ ખોડિયાર નગર વિસ્તારમાં દારૂ વેચતા કાકી ભત્રીજાના ઘરે રેડ પાડી હતી.

પીસીબી પોલીસને માહિતી મળી હતી કે, ખોડિયાર નગર પીળા વુડાના મકાનમાં રહેતા દક્ષાબેન ઠાકોર તથા તેઓનો ભત્રીજો જીજ્ઞોશ ઉર્ફે જીગો મફતભાઈ માળી વિદેશી દારૂનો ધંધો કરે છે. જેથી,પીઆઇ એસ.ડી.રાતડાની સૂચના મુજબ, સ્ટાફે ઉપરોક્ત સ્થળે જઇને રેડ કરતા દક્ષાબેન મળી આવ્યા હતા. તેમના ઘરમાં ચેક કરતા પલંગની નીચેથી પૂઠાનું બોક્સ મળી આવ્યું હતું.જેમાં વિદેશી દારૂની ૪૮ બોટલ મળી આવી હતી. બાજુના મકાનમાં રહેતા જીજ્ઞોશના ઘરે તપાસ કરતા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે બંને ઘરમાંથી કુલ ૧૦૧ બોટલ કિંમત રૂપિયા ૧૩,૪૦૦ની કબજે કરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં સિટિ પોલીસે જૂની આર.ટી.ઓ. કચેરી પાણીની ટાંકી પાસે રહેતા કામિનીબેન હસમુખભાઈ કહારના ઘરે પોલીસે ચેકિંગ કરતા વિદેશી દારૂની ચાર બોટલ અને બિયરના છ ટીન મળી આવ્યા હતા.પોલીસે તેની સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં ધાર્મિક ઉત્સવની ઉજવણી સાથે લોકશાહીના ઉત્સવની પણ ઉજવણી

સુરત, સુરત શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ જૈન ધર્મના આ વખતની ચોવીસીના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિનની ભવ્ય ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. જોકે, આ વર્ષે ધાર્મિક ઉત્સવની ઉજવણી સાથે લોકશાહીના ઉત્સવની પણ ઉજવણી કરવામા આવી હતી. શહેરમાં વિવિધ જગ્યાએ જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના શુદ્ધ ઘીના એક લાખ લાડુનું વિતરણ કરી મોઢુ મીઠું કરાવી મતદાન માટે પ્રતિજ્ઞા લેવડાવાવમા આવી હતી. સરુત શહેરમાં દર વર્ષે શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેતા જૈનો દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિન ની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ અનેક જગ્યાએ આ ઉજવણી ઉત્સાહભેર થઈ રહી છે. આજના દિવસે જૈનો દ્વારા ભગવાન મહાવીર સ્વામીની શોભાયાત્રા સાથે અબોલ પશુઓ પ્રત્યે જીવદયાનું કામ કરવામાં આવ્યું હતું. શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલા જિનાલયો, ઉપાશ્રયમાં ધર્મસભા અનુષ્ઠાન સાથે જીવદયા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ગોપીપુરા ખાતે આવેલા મહાવીર અન્નક્ષેત્ર અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બુંદીના લાડવા બનાવી લોકોના મોઢા મીઠા કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહા સંઘ, સુરત દ્વારા સુરત શહેરમાં વિવિધ જગ્યાએ જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના શુદ્ધ ઘીના એક લાખ જેટલા લાડુ બનાવવામાં આવ્યા છે. આ સંસ્થાના સભ્યો દ્વારા ભગવાનના જન્મ દિવસની ઉજવણી માટે લોકોના મોઢા મીઠા કરાવવા સાથે સાથે આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે "મતદાતા જાગૃતિ અભિયાન" નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શહેરમાં વિવિધ જગ્યાએ જ્ઞાતિ જાતિના ભેદભાવ વિના શુદ્ધ ઘીના એક લાખ લાડુનું વિતરણ કરી મોઢુ મીઠું કરાવી મતદાન માટે પ્રતિજ્ઞા લેવડાવાવમા આવી હતી. સરુત શહેરમાં દર વર્ષે શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેતા જૈનો દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક દિન ની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ અનેક જગ્યાએ આ ઉજવણી ઉત્સાહભેર થઈ રહી છે.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Home Finance

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ- ૪૦૦૦૫૯

બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, ઓફિસ નં. પીઓ૨/૧૪૭, હરમની પ્લાઝા, એસબીઆઈ સામે, બોઈસર, ડિસ્ટ.- પાલઘર- ૪૦૧૫૦૧

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણાં ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો કબ્જો જણાવેલ તારીખે લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ પાસે આ મિલ્કતો ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	કેનારામ ચૌધરી (કરજદાર), દમ્યંતી (સહ- કરજદાર), LHBHO00001438161	૨૦૪ ફ્લેટ નં. ૨૦૪ એ વિન્ગ એક્ઝોટિક સી વ્યૂ પારડી નં. ૬૭, ઉમ્બરગામ વલસાડ ૬૯૯ વાપી ગુજરાત ૩૯૬૧૯૦ (રેફત લેન નં. LHBHO00001438161) . તેની ચારે બાજુ : ઉત્તરે : પૈસેજ, દક્ષિણે : અન્ય મિલકત, પુર્વે :- ફ્લેટ નં. ૨૦૩, પશ્ચિમે :- લિફ્ટ. કબ્જાની તારીખ - ૨૦.૦૪.૨૦૨૪.	૨૨.૧૨.૨૦૨૩ રૂા. ૮,૬૧,૦૫૪/-	બોઈસર-બી
૨.	કેનારામ ચૌધરી (કરજદાર), દમ્યંતી (સહ- કરજદાર), LHBHO00001438315	૨૦૪ ફ્લેટ નં. ૨૦૪ એ વિન્ગ એક્ઝોટિક સી વ્યૂ પારડી નં. ૬૭, ઉમ્બરગામ વલસાડ ૬૯૯ વાપી ગુજરાત ૩૯૬૧૯૦ (રેફત લેન નં. LHBHO00001438315) . તેની ચારે બાજુ : ઉત્તરે : પૈસેજ, દક્ષિણે : અન્ય મિલકત, પુર્વે :- ફ્લેટ નં. ૨૦૩, પશ્ચિમે :- લિફ્ટ. કબ્જાની તારીખ - ૨૦.૦૪.૨૦૨૪.	૨૨.૧૨.૨૦૨૩ રૂા. ૫૫,૫૩૦.૯૯/-	બોઈસર-બી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ :૨૫ એપ્રિલ, ૨૦૨૪.
સ્થળ : વાપી

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

SACHETA METALS LIMITED

CIN: L27100GJ1990PLC013784
Registered Office: Block No. 33, Sacheta Udyog Nagar, Village-Mahiyal, Tal.- Talod,Dist.-Sabarkantha-383215, Gujarat.,
Ph. No. : +91 - 02770- 221739/ 221239
E-mail: sacheta@sacheta.com

NOTICE OF THE EXTRA ORDINARY GENERAL MEETING, E-VOTING AND BOOK CLOSURE

Extra Ordinary General Meeting:

NOTICE is hereby given that an Extra Ordinary General Meeting of the Members of Sacheta Metals Limited ('the Company') will be held on Thursday, May16, 2024 at 04:00 p.m. (IST) at the registered office of the Company to transact the business as set out in the Notice of the EGM.

In compliance with SEBI Circular No.SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62, dated May 13, 2022, the Company has sent the Notice of the EGM through electronic mode only to those Members whose e-mail addresses are registered with the Company or Registrar & Transfer Agent and Depositories.

The requirement of sending physical copies of the Notice of the EGM has been dispensed with vide MCA Circulars and the SEBI Circular. Notice and the Explanatory Statement of the EGM is available on the website of the Company at www.sacheta.comand on the websites of the Stock Exchanges viz. www.bseindia.com A copy of the same is also available on the website of National Securities Depository Limited ('NSDL') at www.evoting.nsdl.com.

Remote e-Voting:

In compliance with Section 108 of the Companies Act, 2013 ('the Act') read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, the Secretarial Standard on General Meetings ('SS-2') issued by the Institute of Company Secretaries of India and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Company is providing to its Members the facility of remote e-Voting before the EGM in respect of the business to be transacted at the EGM and for this purpose, the Company has appointed NSDL for facilitating voting through electronic means.

The detailed instructions for remote e-Voting are given in the Notice of the EGM. Members are requested to note the following:

a. The remote e-Voting facility would be available during the following period:
The e-voting period commences onMonday,13thMay 2024 (09:00 a.m. IST) and ends on Wednesday, 15thMay 2024 (5:00 p.m. IST).
The remote e-Voting module shall be disabled by NSDL for voting thereafter and Members will not be allowed to vote electronically beyond the said date and time;

b. The voting rights of the Members shall be in proportion to their share of the paid-up equity share capital of the Company as on Thursday, May09, 2024 Cut-Off Date. The Members attending the Meeting, who have not already cast their vote by remote e-Voting shall be able to exercise their right during the Meeting by poll. A person whose name is recorded in the Register of Members / Register of Beneficial Owners as on the Cut-Off Date only shall be entitled to avail the facility of remote e-Voting before the EGM;

c. Any person who acquires shares of the Company and becomes a Member of the Company after the dispatch of the Notice and holds shares as on the Cut-Off Date, may obtain the login-id and password for remote e-Voting by sending a request at evoting@nsdl.co.in or may contact on toll free number 180022 44 30 and 1800 1020 990, as provided by NSDL. A person who is not a Member as on the Cut-Off Date should treat the Notice of the EGM for information purposes only;
Members who have cast their vote by remote e-Voting prior to the Meeting may also attend the Meeting electronically, but shall not be entitled to vote again.

Registration of e-mail addresses:

Members who have not yet registered their e-mail addresses are requested to, before 5:00 p.m. (IST) on Thursday, May 09, 2024, for registering their e-mail addresses to receive the Notice of the EGM electronically and to receive login ID and password for remote e-Voting:

For receiving all communication from the Company electronically:

a) Members holding shares in physical mode and who have not registered / updated their email address with the Company are requested to register / update the same by writing to the Company with details of folio number and attaching a self-attested copy of PAN card at investor.grivence@sacheta.com or support@purvashare.com

b) Members holding shares in dematerialised mode are requested to register / update their email addresses with the relevant Depository Participant.

The members, holding shares in physical form, are requested to intimate any change in their addresses or bank details to the Company or its Registrar and Transfer Agent (RTA) viz. Purva Sharegistry India Pvt. Ltd., Unit: Sacheta Metals Limited, Gala No. 9, Shiv Shakti Industrial Estate, Sitaram Mill Compound, J R Boricha Marg, Mumbai - 400011.

Those holding shares in dematerialized form may intimate any change in their addresses or bank details / mandates to their Depository Participants (DP) immediately. The Company or its RTA cannot act on any request directly received from any member holding shares in dematerialized form for any change in such details. Such changes are to be advised only to the DP of the members.

Book Closure:

Notice is further given that pursuant to section 91 of the Companies Act,2013 and rules framed thereunder, the register of members and the share transfer books of the Company will be closed from Thursday, 9th May, 2024 to Thursday, 16th May, 2024 (both days inclusive)for the purpose Extra Ordinary General Meeting.

For Sacheta Metals Limited
ST/-
Satishkumar Shah Keshavlal
Managing Director

Place: Talod
Date : 25th April, 2024